# બાયડ ખાતેના જનસેવા કેન્દ્ર પર આવકનો દાખલો અને નૉન ક્રિમીલીયર સર્ટી કઢાવવા વાલીઓનો હોબાળો

બાયડ તા:૧૫

હાલ માં રાજય સરકાર દ્વારા પી.ટી.સી પાસ કરેલા વિદ્યાર્થીઓ ને શિક્ષક ને નોકરી માં ભરતી કરવા ની જાહેરાત બહાર પાડતાં અને હાલ માં જાહેર થયેલ ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ નુ પરિણામ જાહેર થતાં ની સાથે જ બાયડ મામલતદાર કચેરી ના જનસેવા કેન્દ્ર ઉપર આજે વહેલી સવારે થી વાલીઓ નો ઘસારો જોવા મળ્યો હતો જયારે ટેટ ની પરીક્ષા નુ ઓન લાઈન ફોર્મ ભરવાની મુદત ટુંકી હોવાના કારણે વાલીઓ દ્વારા પોતાનો પુત્ર કે પત્રી આ પરીક્ષા આપવામાં રહી ના જાય તે માટે તાત્કાલીક આવકનો દાખલો કઢાવવા તેમજ જાતી અંગે નુ પ્રમાણપત્ર અને નોન ક્રિમીલીયર સર્ટી કઢાવવા માટે વાલીઓ નો ભીડ આજે જનસેવા કેન્દ્ર ઉપર જામી હતી જયારે બાયડ ના જનસેવા કેન્દ્ર ઉપર ઓપરેટરો ની અછત હોવાને કારણે આ સર્ટી મેળવવા માં અવ્યવસ્થા સર્જાઈ હતી જયારે વાલીઓ દ્વારા દાખલા કાઢવામાં અવ્યવસ્થા સર્જાવાના કારણે હોબાળો મચાવવામાં આવ્યો હતો કારણ કે દાખલો લેટ મળવાને કારણે પોતાનો પુત્ર કે પુત્રી આ પરીક્ષા આપવામાં રહી ના જાય તેની ચીંતા ના કારણે આજે વાલીઓ ઉશ્કેરાયા હતા જયારે વાલીઓ નો વધારે પડતો ઘસારો જોઈ અવ્યવસ્થા ન સર્જય તે માટે બાયડ મામલતદાર સી.બી.પ્રજાપતી દ્વારા તકેદારી ના ભાગ રૂપે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો જયારે વાલીઓ દ્વારા પણ આ સર્ટી લેવામાં કોઈ અગવડ ના પડે તેવી વ્યવસ્થથા ગોઠવવવાની માંગ ઉઠવા પામી હતી જયારે અરજદારો દ્વારા આપવામાં આવતી અરજીઓ જનસેવા કેન્દ્ર માં કોઈ જ ઠેકાણા દેખાતા ન હતા અને અરજીઓ ગમે ત્યાં પડેલી દેખાતી હતી જો આ અરજી ઓ માં થી કોઈ અરજદાર ની અરજી ખોવાઈ જાય તો તે માટે જવાદાર કોણ તે એક પ્રશ્ન ઉભો થયો હતો... તો બીજી બાજુ આ અરજી કરવામા અને સર્ટી કઢાવવામાં વાલીઓને બે હજાર જેટલો અંદાજીત ખર્ચ થઈ જાય છે તો આ અરજીઓ યોગ્ય રીતે સાચવવામાં ન આવે તો વાલીને માથે ખોટો બોજો આવી જાય તેવી પરીસ્થીતી ઉભી ન થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે જયારે ગત વર્ષે આવકના દાખલા તાલુકા પંચાયત કચેરી થી કાઢી આપવામાં આવતા હતા પરંતુ આવર્ષે એ.ટી.વી.ટી. પોગ્રામને લઈ ને આ દાખલા જનસેવા કેન્દ્ર ઉપર થી જ કઢાતા હોઈ વાલીઓની ભીડ વધારે જામી હતી તેવુ દેખાતુ હતુ જયારે બાયડ મામલઈતદાર દ્વારા યોગ્ય વ્યવસ્થા ગોઠવી આ અરજી નો ઝડપી નીકાલ થાય અને અરજદારો ને જલ્દી થી સર્ટી મળી જાય તેવી વ્યવ્સ્થા ગોઠવવાનો પણ લોકમાંગ ઉઠવા પામી છે

**જનસેવા કેન્દ્ર ને તાળુ મારવાની ફરજ પડી** - આજે બપોરે બાયડ ની માલતદાર કચેરી ખાતે આવેલા જનસેવા કેન્દ્ર પર અરજદારો દ્વારા આવકનો દખલો અને નોનક્રિમીલીયર સર્ટી કઢાવવામાટે અરજદારો ના ભારે ઘસારો અને વારંવાર જનસેવા કેન્દ્ર માં ઘુસી જવાના કારણે ના.મામલતદાર રામભાઈ ને આ જનસેવા કેન્દ્ર ઉપર અવ્યવસ્થા ના સર્જાય તે માટે દરવાજા ને તાડુ મારવાની ફરજ પડી હતી

# સિધ્ધપુરમાં આધુનિક હૉસ્પિટલ અને સઘન આરોગ્ય સેવાઓનું નિર્માણ

ઊંઝા, તા.૧૬

ઉત્તર ગુજરાતના સુપ્રસિધ્ધ તીર્થસ્થળ સિધ્ધપુર શહેર અને તાલુકા સહિત સહુ કોઈને પૂરતી આરોગ્યલક્ષી સેવાઓ ઉપલબ્ધ થાય તે હેતુથી રાજય સરકાર દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે નવીન અદ્યતન જનરલ હોસ્પિટલનું નિર્માણ કાર્ય ઝડપભેર થઈ રહ્યું છે આ હોસ્પિટલના વિશાળ મકાનનું મહત્તમ કામ પૂર્ણ થયેલ છે અને બીજા કામો પ્રગતિમાં છે તેમ છતાં જનરલ હોસ્પિટલમાં વિવિધ રોગોના દર્દીઓને સારી તબીબી સારવાર મળતા દર્દીઓમાં રાહત સાથે સંતોષની લાગણી જોવા મળી છે.

મળતી માહિતી અનુસાર સિધ્ધપુર જનરલ હોસ્પિટલના સિવિલ સર્જન ડૉ. મણીભાઈ પ્રજાપતિએ એક મુલાકાતમાં જણાવ્યુંહતુંકે સિધ્ધપુરમાં જૂની સરકારી હોસ્પિટલના સ્થાને નવીન અતિ આધુનિક સુવિધાઓ અને સાધનોથી સજજ જનરલ હોસ્પિટલ તૈયાર થઈ રહી છે. આ હોસ્પિટલના વિશાળ બહુમાળી સંકુલનું મહત્તમ કામ પૂર્ણ થયેલ છે. રાજય સરકાર અને રાજયના આરોગ્ય પ્રધાન જયનારાયણ વ્યાસના સઘન પ્રાયસો થકી સિધ્ધપુર શહેર તાલુકા પાટણ જિલ્લા સહિત સહુ કોઈને આરોગ્યલક્ષી શ્રેષ્ઠ સવલતો મળી રહે તે માટે અતિ આધુનિક સાધનોથી સજજ નવીન અદ્યતન જનરલ હોસ્પિટલનું નિર્માણકાર્ય ઝડપભેર ચાલી રહ્યું છે. હાલ આ હોસ્પિટલમાં વિવિધ રોગોના તજજ્ઞોની સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. આ સાથે તબીબી અધિકારીઓ સારી સેવા આપે છે જેથી આરોગ્યલક્ષી સેવાઓ અને ગુણવત્તામાં સુધારો થતા રોજિંદા ૭૦૦ થી ૮૦૦ દર્દીઓની ઓ.પી.ડી. અને ઈન્ડોર દર્દીઓની સંખ્યા ૧૦૦ જેટલી રહે છે. આ ઉપરાંત તમામ સવલતો અને સગવડો પણ દર્દીઓને અપાશે તેમ તેમણે ઉમેર્યું હતું.

# માણસાના વ્યાસ પાલડી ગામે તળાવમાં દૂષિત પાણીને કારણે માછલીઓનાં મોત

## માછલીઓને ખોરાક તરીકે આરોગતા એક શ્વાનનું પણ મોત

માણસા, તા.૧૬

માણસા તાલુકાના વ્યાસ પાલડી ગામે આવેલા તળાવમાં છેલ્લા ચાર દિવસમાં અચાનક જ તળાવમાં રહેતી તમામ માછલીઓના મોત થતા આ ચર્ચાએ ભારે જોર પકડયું છે ત્યારે માછલીઓને ખોરાક તરીકે આરોગતા એક શ્વાનનું પણ મોત થવા પામ્યું છે.

મળતી માહિતી અનુસાર માણસાના વ્યાસ પાલડી ગામે આવેલા તળાવમાં દૂષિત પાણીના કારણોસર છેલ્લા ચાર દિવસમાં તળાવમાં રહેતી તમામ માછલીઓના મોત થયા છે તથા તળાવમાં રહેલા દૂષિત પાણીને કારણે આસપાસના વિસ્તારમાં ભારે દુર્ગંધ ફેલાઈ રહી છે આથી રહીશો ભારે ત્રાહીમામ પોકારી ઉઠયા છે. તળાવની મૃત માછલીઓને એક કુતરાએ ખોરાક તરીકે આરોગતા માછલીનો કાંટો ગળામાં ફસાઈ જતા તેનું પણ મોત નિપજયું હતું તો બીજી તરફ આ દુષિત પાણીના કારણે રોગચાળાનો પણ ભય ફેલાઈ રહ્યો છે ત્યારે આરોગ્ય તંત્ર સત્વરે આ મામલે યોગ્ય કાર્યવાહી કરી દુષિત પાણી અને દુર્ગંધ દૂર કરે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

# ડીસાના રાજપુર વિસ્તારમાં ઉનની ફેક્ટરીમાં આગ... સતત ત્રીજીવાર આગ લાગતા તંત્ર સામે સ્થાનિકોનો રોષ

ડીસા, તા. ૧૬

ડીસાના રાજપુર લોધવાસ વિસ્તારમાં મદની હોસ્પીટલ પાસે રહેણાંક વિસ્તારમાં ઉનની બનાવટ ઉત્પાદિત કરતી એક ફેક્ટરી આવેલ છે. આ ફેક્ટરીમાં ભયજનક રીતે અગાઉ બે વાર આગ લાગી ચુકેલ છે. જેમાં પુનઃ આજરોજ આ ફેક્ટરીમાં યાંત્રીક ખામીએ આગ લાગતા ભારે દોડધામ મચી હતી. આ ફેક્ટરીમાં અનેક કામદારો કામ કરતા હોઈ આગ લાગતા તેમા રહેલ ઉન ભડકે બળવા લાગતા કામદારોના જીવ પડીકે બંધાયા હતા. જેઓએ મદદ માટે બુમાબુમ કરતા સ્થાનીકો દોડી આવ્યા હતા. અને આ ફેક્ટરીમાં કામ કરતા મજુરોને મહા મહેનતે બચાવ્યા હતા. આગની ઘટનાની જાણ થતા ડીસા નગર પાલીકા ફાયર ફાઈટર ટીમ તેમજ શહેર પોલીસના માણસો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જેઓએ પરિસ્થિતિ કાબુમાં લઈ આગને બુજાવી હતી. આ ફેક્ટરી રહેણાંક વિસ્તારમાં આવેલ છે. અને છેલ્લા વીસ વર્ષથી અહીં જાહેર દૂષણ સમાન ચાલી રહી છે. જો કે આ રહેણાંક વિસ્તાર હોઈ આ ફેક્ટરી સ્થાનિકો માટે જીવલેણ બોમ પુરવાર થઈ શકે છે. અગાઉ પણ બે વખત આ ફેક્ટરીમાં આગ લાગી ચુકી છે. તેમ છતાં તંત્ર દ્વારા જાહેર દૂષણ સમાન આ ફેક્ટરી સામે કાર્યવાહી હાથ ન ધરાતા સ્થાનિકોમાં રોષ ફાટી નીકળ્યો છે.

# હિંમતનગર નજીક બળવંતપુરા કંપામાં પત્નિ ઘરે મોડી આવતાં પતિએ ગળે ફાંસો ખાઈ લીધો

## ઓરડીમાં છતના પાઈપે સાડી વડે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા

હિંમતનગર, તા.૧૬

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના નજીક આવેલ બળવંતપુરા કંપામાં ગત રાત્રિએ પત્ની ઘરે મોડી આવતા પતિને લાગી આવતા પતિએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આથી સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ બનાવ અંગે હિંમતનગર ટાઉન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ હિંમતનગર થી પાંચ કિલોમીટર દૂર આવેલ બળવંતપુરા કંપા ખાતે ભાડાની ઓરડીમાં જયંતિભાઈ વાઘેલા અને તેમની પત્ની આશાબેન સાથે રહી શાકભાજીની ફેરી કરી પોતાનું જીવન નિર્વાહ કરતા હતા દરમિયાન ગત મંગળવારે સાંજે જયંતિભાઈની પત્ની આશાબેન તેના પિતાજી અમૃતભાઈને ત્યાં જલારામ મંદિર નજીક તેમના ઘરે રસોઈ બનાવવા ગયા હતા. જયાંથી રાત્રે ૮.૩૦ કલાકે ઘરે પરત આવતા જયંતિભાઈ અને તેમની પત્ની આશાબેન વચ્ચે તકરાર થઈ હતી અને આશાબેન તેમના પિતાના ઘરે જતા રહ્યા હતા અને બુધવારે વહેલી સવારે તેમના પતિ જયંતિભાઈ ચુનીલાલ વાઘેલા (ઉ.વ.૩૫)એ ઓરડીમાં છતના પાઈપે સાડી વડે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલ હાલતમાં જોતા ગભરાઈ ગઈ હતી અને આસપાસના રહીશોને જાણ કરતા રહીશોએ પોલીસને જાણ કરી હતી. આથી પોલીસે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસા શહેર પોલીસ મથક સામે આવેલ મોબાઈલ દુકાનના ધારક સામે કોપીરાઈટ એકટની ફરિયાદ

ડીસા, તા.૧૬

ડીસામાં શહેર પોલીસ મથક સામે આવેલ મોબાઈલની દુકાનમાં અન અધિકૃત રીતે વિવિધ કંપનીના સોફટવેરોનો ડાઉનલોડીંગ કરાતું હોવાની બાતમી આર.ડી.આર.-એન.પી. પ્રાઈવસી ઈન્વેસ્ટીગેશન પ્રાઈવેટ લીમીટેડ કંપની વડોદરાના ઈન્વેસ્ટીગેશનના ઓફીસર પ્રવિણભાઈ એમ. નાયકને ખાનગી રાહે બાતમી મળી હતી. જે બાતમીના આધારે તેઓએ આ મામલાની ડીસા શહેર પોલીસ મથકે જાણ કરી હતી. જે બાદ ડીસા શહેર પોલીસ ડી સ્ટાફના હેડ કોન્સ્ટેબલ ગઢવી, પોલીસ કોન્સ્ટેબલ મુકેશભાઈ વિગેરેએ પંચો રૂબરૂ શહેર પોલીસ મથક સામે આવેલ મોહશીન હુસેન અબ્દુલ કરીમ કુરેશી રહે. ગવાડી અસગરી પાર્ક ડીસા વાળાઆઓની દુકાનમાંથી એક એલ.જી. કંપનીનું સીપીયુ તેમજ એક એસેમ્બલ માઉસ, કિબોર્ડ વગેરે મળી આવ્યા હતા. જે બ્રાન્ડેડ કંપનીઓના ભળતા નામે હતા. વળી કોમ્પ્યુટરમાંથી અનલીગલ એમ.પી. થ્રી વિડીયો, ફોટા, ગીતો સ્ટોરેજ કરી આ ઈસમ ડાઉન લોડીંગ કરતો હોવાના પુરાવા મળ્યા હતા. જેથી શહેર પોલીસે તમામ મુદ્દામાલ કિંમત રૂપિયા વીસ હજારનો ગણી તપાસ અર્થે કબ્જે કરેલ છે. અને આ મામલે કંપનીના ઈન્વેસ્ટીગેશન ઓફીસર પ્રવિણભાઈ નટવરલાલ નાયક રહે. જગાણા-તાલુકો પાલનપુરવાળાઓની ફરિયાદના આધારે આરોપી મોહશીન હુસેન અબ્દુલ કરીમ કુરેશી રહે. ગવાડી-ડીસા વાળાઓની ધરપકડ કરેલ છે અને આ મામલે ધી કોપીરાઈટ એકટ મુજબ કે.એસ.આઈ. વિરમાભાઈ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ખેડબ્રહ્મામાં એસઓજી શાખાના જાહેરનામાનો ખુલ્લેઆમ ભંગ

## મકાન માલિકો કોઈપણ જાતના દસ્તાવેજો વિના પ્રરપ્રાંતિયોનો મકાન ભાડે આપે છે

ખેડબ્રહ્મા, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે જગતજનની મા અંબાનું ધામ આવેલું છે અને શહેરની આસપાસ રાજસ્થાન રાજ્યને જોડતા માર્ગો આવેલા છે. આથી અહી દિનપ્રતિદિન પરપ્રાંતિયો તગડુ વેતન કમાવવા માટે સ્થાઈ થઈ રહ્યા છે. જ્યારે બીજી તરફ તગડુ ભાડુ રળી ખાવા માટે રહીશો ખુલ્લેઆમ જાહેર નામાનો ભંગ કરી કોઈપણ જાતના આઈડીપ્રુફ ફોટો કે અન્ય દસ્તાવેજો વિના મકાનો ભાડે આપી રહ્યા છે. ત્યારે આવા પરપ્રાંતિયોની તપાસ થાય અને મકાન માલિક સામે પણ પગલા લેવાય તેવુ નાગરીકો ઈચ્છી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર ખેડબ્રહ્મા શહેરમાં જાહેર નામાનો ખુલ્લેઆમ ભંગ કરી કેટલાક મકાન માલિકો કોઈપણ જાતના દસ્તાવેજો વિના પ્રરપ્રાંતિયોનો મકાન ભાડે આપે છે. અને નિયમ મુજબ મકાન માલિકે મકાન ભાડે આપતા પહેલા ભાડુઆતના તમામ દસ્તાવેજો નજીકના પોલીસમથકમાં જમા કરાવવાના રહે છે. તેમ છતાં પણ કોઈપણ મકાન માલિક નિયમનું પાલન કરતા નથી. આથી પાસેના રાજ્ય રાજસ્થાનમાંથી મોટા પ્રમાણમાં પરપ્રાંતિય પરિવારો અહી સ્થળાંતર કરી આવે છે. કેટલાક કિસ્સાઓમાં પરપ્રાંતિયોની સંડોવણી જોવા મળે છે. તો બીજી તરફ ગુજરાતમાં આતંકવાદી ઘુસ્યાની શંકાને લીધે હાઈ એલર્ટ જાહેર કરાયું છે ત્યારે આવા પરપ્રાંતિયોની તપાસ થાય તે જરૂરી છે. આથી ખેડબ્રહ્માના કેટલાક અગ્રણીઓ અને રહીશો આ મામલે પોલીસ યોગ્ય તપાસ કરી ભાડુઆત અને મકાન માલિક સામે કાર્યવાહી કરે તેવી માંગણી કરી રહ્યા છે.


ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮



ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

| સાબરકાંઠા જિલ્લામાં | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧૮૮૭૯૬ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| **મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં** | | |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| ગણપતભાઈ જોષી | પાલનપુર | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |



ઘઉંના જવારાનો ડ્રાય પાઉડર કેપ્સ્યુલ

ન્યુટ્રીલીયો, પૃથ્વી પરની સંજીવની ઉચ્ચ ગુણવત્તા અને પોષણયુક્ત ખોરાક, લોહી શુદ્ધિ, વિટામીનથી ભરપૂર, લોહી વૃદ્ધિ, કેન્સર, એઈડ્સ જેવા રોગોમાં ઉપયોગી મેળવવા માટે સંપર્ક કરો.

ફોન : ૨૩૨ ૪૩૯૮૭
મો. : ૯૪૨૮૬ ૦૪૬૦૮



ટયુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧



ભગવતી ટ્રાવેલ્સ

પ્રવાસ : સૌરાષ્ટ્ર
ઉપડવાની તા. ૧૮-૫-૧૨ (૪ દિવસ-૩ રાત્રી)
સમય : રાત્રે ૮-૩૦ વાગે
દ્વારકા, નાગેશ્વર, બેટ દ્વારકા, પોરબંદર, સોમનાથ, સાસણગીર, જુનાગઢ, વિરપુર, ગોંડલ, ચોટીલા (હરસિદ્ધિ માતાનું મંદિર)

રહેવા જમવા સાથે
મો. : ૯૭૩૭૪૨૧૩૮૭
મો. : ૯૯૭૮૪૦૭૩૪૭



શોર્ટ ટેન્ડર નોટીસ

ગાંધીનગર જિલ્લા રોગી કલ્યાણ સમિતિ, જનરલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે નીચે મુજબની સેવા અને વસ્તુઓ સપ્લાય માટે વાર્ષિક કોન્ટ્રાક્ટ કરવાનું છે.

(૧) બાયોમેડીકલ ઈન્સ્ટ્રુમેન્ટનો વાર્ષિક જાળવણી કરાર

આ કામમાં રસ ધરાવતી એજન્સી / પાર્ટીઓએ ટેન્ડર ફોર્મ હીશાબી શાખા, બ્લોક-ડીર, જનરલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતેની રૂ. ૧૦૦૦/- ફી ભરી સવારે ૧૧-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક દરમિયાન મેળવી તા. ૨૫-૫-૨૦૧૨ના રોજ બપોરે ૧૨-૦૦ કલાક સુધીમાં પરત કરવાનું રહેશે તે પછી આવેલ ટેન્ડર ફોર્મ માન્ય રાખવામાં આવશે નહી.

સભ્ય સચિવ
ગાંધીનગર જિલ્લા રોગી કલ્યાણ સમિતિ
જનરલ હોસ્પિટલ, ગાંધીનગર

માહિતી/૩૧૯/૨૦૧૨-૧૩



IITE
INDIAN INSTITUTE OF TEACHER EDUCATION Gandhinagar

કોમ્પ્યૂટર ખરીદવાની નિવિદા

ઈન્ડિયન ઈસ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન માટે કોમ્પ્યુટર તથા અન્ય સાધનો ખરીદવાના થાય છે. જેની વિગતો www.iite.ac.in ઉપર મૂકવામાં આવી છે. રસ ધરાવતા આ કામના ઈજારદારોએ વેબસાઈટ ઉપરથી ફોર્મ ડાઉનલોડ કરીને જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૦માં રજીસ્ટર એડી તથા ટપાલથી ભાવો મોકલવાના રહેશે.

હુદસચિવ
આઈઆઈટીઈ

માહિતી/૩૦૫/૨૦૧૨-૧૩



ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ - ૩૮૦ ૦૧૪
૨૧મી સદીમાં ઉપયોગી જીવનપદ્ધતિની કેળવણી આપતી સંસ્થા

પ્રવેશ જાહેરાત ૨૦૧૨-૧૩

૧. બી.એસસી. (ઈગ્રી) કોર્સ : તા. ૧૪-૫-૧૨થી પ્રવેશ શરૂ, ધો.૧૨ (વિજ્ઞાન પ્રવાહ) 'બી', 'એબી' ગ્રુપ સાથે પાસ થયેલા માટે, વહેલા તે પહેલાને ધોરણે પ્રવેશ.

૨. એમ.એસસી.: પ્રવેશ લાયકાત : બી.એસસી. માઈક્રોબાયોલોજી વિષય, પ્રવેશ કસોટી તા. ૧૪-૬-૧૨ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે, સાદરા મુકામે, ગાંધીવિચાર અને માઈક્રોબાયોલોજી વિષય આધારિત લેવાશે. ગાંધીવિચારની કસોટીમાં ૫૦ % ગુણ મેળવવાના રહેશે. આ પરીક્ષા કોમ્પ્યુટર પર ઓનલાઈન લેવાશે. ગાંધીવિચાર માટેનાં પુસ્તક પ્રવેશ અરજીપત્ર સાથે રૂબરૂમાં રૂ. ૨૫૦/- આપવાથી ગુજરાત વિદ્યાપીઠ, વિદ્યાર્થી રોજગાર પરામર્શ એકમ, અમદાવાદ તથા માઈક્રોબાયોલોજી વિભાગ, સાદરાથી મળશે. તેમજ પ્રવેશ અરજીપત્ર ગુજરાત વિદ્યાપીઠની વેબસાઈટ www.gujaratvidyapith.org પરથી ડાઉનલોડ કરી મેળવી શકાશે. આ બંને અભ્યાસક્રમમાં ૬૦ %થી વધુ ગુણ મેળવનારને શિષ્યવૃત્તિનો લાભ. અનુસૂચિત જાતિ / અનુ. જનજાતિ તથા સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે, શૈક્ષણિક યોગ્યતામાં ૫ %ની છૂટછાટ, તમામ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો માટે છાત્રાલય ફરજિયાત છે. ખાદીનાં વસ્ત્રો, સમૂહજીવન તથા વિદ્યાર્થી-ચરતરની પ્રવૃત્તિઓનો વિશેષ આગ્રહ, સાદરા ગાંધીનગરથી ૨૦ કિ.મી.ના અંતરે સાબરમતી નદીને કિનારે આવેલું અદ્યતન પ્રયોગશાળા, અનુભવી શિક્ષકો, ઈન્ટરનેટની સુવિધા, લાઈબ્રેરી તથા છાત્રાલય ધરાવતું નૈસર્ગિક પરિસર છે તેમજ Ph.D. સુધીના અભ્યાસની તક, M.Sc.માં ડેઝર્ટેશન કાર્ય કરવાની ઉત્તમ તક. સ્થળ : સૂક્ષ્મજીવાણુ વિજ્ઞાન વિભાગ, પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર પરિસર, મુ.પો. સાદરા, તા.જિ. ગાંધીનગર-૩૮૨૩૨૦. ફોન (ઓ) : ૦૭૯-૨૩૨૭૪૩૨૧

ગ્રામ વ્યવસ્થાપન પારંગત (MASTER OF RURAL MANAGEMENT) (M.R.M.) લાયકાત : કોઈ પણ વિદ્યાશાખાના સ્નાતક (છેલ્લા વર્ષની પરીક્ષા આપેલ વિદ્યાર્થી પણ અરજી કરી શકે છે.) સમયગાળો : ૪ સેમેસ્ટર (બે વર્ષ), પ્રવેશ : લેખિત પરીક્ષા, જૂથચર્ચા અને રૂબરૂ મુલાકાતના આધારે, પ્રવેશ ફોર્મ : ૧લી મેથી ૨૦ જૂન સુધી રૂપિયા ૨૦૦/- ચોકડા આપવાથી ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજાથી મેળવી શકાશે. વધુ વિગત ગુજરાત વિદ્યાપીઠની વેબસાઈટ www.gujaratvidyapith.org પરથી મેળવી શકાશે. સંપર્ક : ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠ, રાંધેજા, જિ. ગાંધીનગર-૩૮૨ ૬૨૦. ફોન : ૦૭૯-૨૩૯૭૫૭૨-૭૩

સમાજવિદ્યા વિશારદ (BACHELOR OF SOCIAL SCIENCE) (B.S.Sc) કોઈ પણ વિદ્યાશાખાના ધોરણ-૧૨ પાસ કરેલ વિદ્યાર્થીઓ માટે સમાજવિદ્યા વિશારદનો સ્નાતક ક્રમનો છ સત્ર (ત્રણ વર્ષ) અને ક્રેડિટ સિસ્ટમ આધારિત અભ્યાસક્રમ (B.S.Sc) મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ પરિસર: રાંધેજા / સાદરા, જિ. ગાંધીનગર ખાતે પ્રવેશ પ્રક્રિયા તા. ૨૭-૬-૨૦૧૨ સુધી વહેલા તે પહેલાના ધોરણે ચાલુ છે. વધુ વિગત ગુજરાત વિદ્યાપીઠની વેબસાઈટ www.gujaratvidyapith.org પરથી મેળવી શકાશે.

તા. ૧૪-૫-૨૦૧૨ રાજેન્દ્ર ખીમાણી, કુલસચિવ



આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એકવાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧



ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ
- વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
- સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
- વાહનોનું રીપેરીંગ કામગ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
- જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન